## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હતા નખ વેગડા, હિંદુસ્તાની અંગ થઈ ગયા!*
*સત્તાની હિંમતથી, કાશ્મીરીઓ દંગ થઈ ગયા!*
*તંગ હતા ભારતીયો, એમના ખાસ દરજ્જાથી-*
*કેસરી અને લીલો હવે એક-રંગ થઈ ગયા!*

### હાઈકુ

*ભરી છે બાથ!*
*ધન્ય બહાદુરીને-*
*પાળ્યું વચન..*

*હતા તો મામા!*
*પણ વર્તને કંસ-*
*અબ્દુલા વંશ..*

### ચિંતન

*ભદ્રમિચ્છન્ત ઋષયઃ સ્વર્વિદસ્તયો દીક્ષામુપનિષે દુરગ્રે ।*
*તતો રાષ્ટ્રં બલ મોજશ્ચ જાતં તમસ્મૈ દેવા ઉપસંન્મન્તુ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદ માંથી લેવામાં આવેલ છે.

આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર પુરુષને પહેલાં તપની દીક્ષા આપવામાં આવે છે. એનાથી શરીરબળ, મનોબળ, પદ, પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે.

સંસારમાં બધાં જ મહાપુરુષોએ તપ કરવા પર વધુ ભાર મૂક્યો છે. જીવનમાં વધારે ને વધારે સુખ તથા આનંદ મેળવવા માટે તપ જરૂરી છે. આપણા શરીરને જાત જાતના કષ્ટ આપવા એ તપ નથી. તપનો અર્થ છે - ધર્મ, સત્ય અને ન્યાયના માર્ગે ચાલતા રહીને જે વિઘ્નો, અવરોધો અને કષ્ટો સામે આવે તેમને સહન કરતાં જઈને આગળ વધતાં જવું. તપનો અર્થ છે... ભૂખ-તરસ, ગરમી-ઠંડી, સુખ-દુઃખ, હર્ષ-શોક માન-અપમાન વગેરે પ્રત્યે સમભાવ રાખીને તેમને સહન કરવા તપનો અર્થ છે. ભોજન, વસ્ત્ર, વ્યાયામ, વિશ્રામ, સ્વાધ્યાય વગેરે બાબતોમાં જરૂરિયાત પ્રમાણે અનુકૂળ આચરણ કરવું કે જેના દ્વારા શરીર પૂર્ણ રીતે સ્વસ્થ રહે.

### સુવિચાર

- છા જાતી હૈ ચુપ્પી અગર ગુનાહ અપનેં હો, બાત દૂસરોં કી હો તો શોર બહુત હોતા હૈ - **નદીમ શાહ**
- રૂપિયાના ઢગલા પર ઊંઘની હડતાળ છે, માટીના ઓટલા પર નિંદર મહેરબાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લાયકાત વગરના લોકોની જીત એ વખતે નક્કી થઈ જાય છે
  જયારે લાયક માણસો ચૂપ થઈ જાય છે - **અમૃતબિંદુ**
- વોટ્સએપ હોય કે જિંદગી લોકો સ્ટેટ્સ જોતા થઈ ગયા છે - **ચિત્રલેખા**
- સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે, અમુક કિનારે પહોંચવા વલખા મારે છે
  અને અમુક કિનારે પહોંચી ને... - **ડો. ભાલચંદ્ર પારડીવાળા**
- કચરામાંથી અનાયાસે હીરો મળી જાય તો... લોકો એ હીરાનો વૈભવ માણવાને બદલે..
  બીજા હીરાની શોધમાં જીવનભર કચરો ફેંકતા રહે છે - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : ઘા માં જીવડા પડ્યા હોય તો સુકુ લસણ વાટી પેસ્ટ ઘા પર બાંધવાથી ઘા જલ્દી રૂઝાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્પેનના સેમ્યુઅલ નામના ખેડૂતના ખેતરમાં ઉગેલા ઢગલાબંધ અનાજને જોઈ તેના ગામના ખેડૂતો હેરાન થઈ ગયા. ગામ લોકોને લાગ્યું કે નક્કી સેમ્યુઅલ કોઈ જાદુટોણા કરતો હોવો જોઈએ. એટલે સૌથી વધુ પાક એના ખેતરમાં થાય છે. ગામના ખેડૂતોને એની ઈર્ષ્યા થઈ. ગામના લોકોએ ન્યાયાધીશને ફરિયાદ કરી. ન્યાયાધીશે સેમ્યુઅલ ને પૂછ્યું, 'તમે જાદુ-ટોણા કરીને ખેતરમાં વધુ પાક મેળવો છો?' આ અંગે આપને શું કહેવું છે?' સેમ્યુઅલ જવાબ આપતા કહ્યું, 'નામદાર. હું આપને મારા ખેતીના ઓજાર અને મારા ઘરના સભ્યોની મુલાકાત કરાવું. મારી સખત-મહેનત, ખેતી કરવાની નવી ટેકનિક, સારામાં સારું ખાતર, નાખીને મારી ફસલ તૈયાર કરું છું. આ મારી દીકરી જે બિયારણ વાવે છે. તે પણ ખૂબ મહેનત કરે છે. મારા ખેતીના ઓજારો જોવો. તે પણ સારી હાલતમાં છે. તૂટેલાં નથી. મારા બળદો પણ તંદુરસ્ત જોડી છે. અમે સૌ બળદોને પણ પૌષ્ટિક આહાર આપીને તાજા-માજા રાખ્યા છે. એમની પણ ચાકરી કરી છે. બળદ પણ અમારી સાથે સખત મહેનતમાં જોડાયેલા છે. આજ તો અમારી કાળજીનો જાદુ છે. કોઈ પણ ખેડૂત સારી રીતે ઈમાનદારી પૂર્વક આવું કરે તો મારી જેમ જ ઢગલાબંધ પાક પકવવાનો જાદુ કરી શકે તેમ છે.' વિદ્વાન ન્યાયાધીશે સેમ્યુઅલના બયાન ગંભીરતાથી લીધા અને સેમ્યુઅલને નિર્દોષ જાહેર કર્યો અને સાથે સાથે આવી ફરિયાદ કરનાર ખેડૂતને સેમ્યુઅલની જેમ સખત મહેનત, ઉમદા, ઓજારો, સારું બિયારણ સારા બળદથી ખેતી કરવાની સલાહ આપી.

# ઐતિહાસિક રાજકીય નિર્ણય

**તંત્રીસ્થાનેથી...**

દેશ માટે શિરોવેદના રૂપ બની રહેલ જમ્મુ અને કાશ્મીર બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને તાકીદની મળેલ કેબિનેટ દ્વારા લેવાયેલ ઐતિહાસિક નિર્ણયની ઘોષણા ગૃહમંત્રી શ્રી અમિત શાહ દ્વારા રાજયસભામાં કરવામાં આવતાં દેશના ઈતિહાસમાં એક સોનેરી પ્રકરણ ઉમેરાયું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણય પર હસ્તાક્ષર કરતાં તાત્કાલિક અસરથી અમલમાં આવે એ રીતે જમ્મુ અને કાશ્મીરનું વિશિષ્ટ દરજ્જાવાળું રાજય હવે બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેરવાઈ ગયું છે. જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ એ બેઉને હવે દિલ્હી અને પોંડિચેરી જેવાં અર્ધરાજયોનો દરજ્જો મળે છે જયાં હાલ પૂરતું રાષ્ટ્રપતિ શાસન રહેશે અને બેઉ રાજયોને રાજયપાલને બદલે ઉપરાજયપાલ મળશે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભા વાળો કેન્દ્ર શાસિત પ્રદેશ રહેશે જયારે લદ્દાખ વિધાનસભા વગરનો પરંતુ સંસદની બેઠક ધરાવતો પ્રદેશ રહેશે. આઝાદી સમયે કાશ્મીર પર પાક પ્રેરિત કબાઈલી હુમલાથી અડધા ઉપરાંતનો પ્રદેશ પાકિસ્તાનને પચાવી પાડેલ છે. તત્કાલીન મહારાજા હરિસિંહની અવઢવને કારણે ભારત સાથેના જોડાણમાં વિલંબ થવા પામ્યો હતો અને જોડાણ મોડું મોડું પણ થયું ત્યારે જમ્મુ અને કાશ્મીરને ભારતનાં અન્ય રાજયો કરતાં જુદો દરજ્જો અપાયો હતો. કલમ ૩૭૦ અન્વયે ભારત સાથે જોડાયેલ જમ્મુ અને કાશ્મીરનો અલગ ધ્વજ અને અલગ બંધારણ પણ હતું. વળી એના મુખ્યમંત્રી માટે 'વજીરે આઝમ' - પ્રાઈમ મિનિસ્ટર શબ્દ જ વપરાતો હતો. કાળક્રમે 'વજીરે આઝમ' તો મુખ્યમંત્રી બની ગયા, પરંતુ અલગ દરજ્જાથી મળતા વિશેષાધિકારો જેમાં પાકિસ્તાન સાથેના સંબંધો સામેલ હતા અને ભારતના અન્ય વિસ્તારોમાંથી કોઈ આ રાજયમાં મિલકત ન વસાવી શકે તથા કાશ્મીરની કન્યા દેશના અન્ય વિસ્તારમાં લગ્ન કરે તો પૈતૃક પત્તિ પર એવો કોઈ અધિકાર ન રહે, એવી વિચિત્ર જોગવાઈઓ કલમ ૩૭૦ અને ૩૫-એ અન્વયે જમ્મુ અને કાસ્મીરના નાગરિકોને મળી હતી. આ બેઉનો ભયંકર દુરુપયોગ થતો રહ્યો. ભારત સરકાર માત્ર સંરક્ષણ, નાણાં અને સંચાર પૂરતો જ અધિકાર ધરાવતી હોઈ અહીંના સ્થાનિક નેતાઓને ઘી-કેળા થઈ ગયાં. અબજોનું બજેટ કાશ્મીર માટે ફાળવાતું રહ્યું પણ એવો અલગ દરજ્જો રહેતાં એનો લાભ અલગતાવાદીઓ લેતા રહ્યા. ભારતીય જનતા પાર્ટીએ શરૂથી જ આ કલમ રદ કરવાની ગાંઠ વાળેલી હતી. એ વાજપેયી શાસન દરમિયાન શક્ય નહોતું બની શક્યું કારણ કે વાજપેયી પાસે સુવાંગ બહુમતી નહોતી અને કોંગ્રેસ સહિતના વિપક્ષો ૩૭૦મી કલમને પવિત્ર ગાયમાતા જેવી ગણી એના સમર્થનમાં રહેતા હતા. મોદી અને શાહની જુગલબંધીને કારણે જમ્મુકાશ્મીરની પ્રજાને રાષ્ટ્રના મુખ્યપ્રવાહમાં ભળવાની અને દેશના અન્ય વિસ્તારોના લોકોને પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરમાં વસવાટ તથા વ્યવસાય કરવાની તક સાંપડશે. સ્થાનિક કાશ્મીરી નેતાઓના પેટમાં સ્વાભાવિક રીતે જ તેલ રેડાયું છે કારણ કે હવે પૂર્ણ કદના રાજયનો દરજ્જો જ નહીં રહેતાં એમનું મહત્ત્વ ઘટશે. વળી મુસ્લિમ બહુમતીના નામે જે ધાક જમાવી હતી એમાં પણ પંજાબના શીખો અને નિવૃત્ત લશ્કરી સહિત કાશ્મીરના મૂળ વતની એવા પંડિતોને વતનમાં પાછા ફરવાની તક મળતાં રાજય વધુ સમૃદ્ધ, સલામત અને વિકાસશીલ બની રહેશે. જે કોઈ રાજકીય પક્ષો આ ઐતિહાસિક નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે એમને પ્રજા જ ચૂંટણી વખતે જવાબ આપશે. બંધારણ કોઈ યાવચ્ચંદ્રદિવાકરૌ ચલાવવાની ચીજ નથી. સમય પ્રમાણે એમાં ફેરફારોને અવકાશ હોવો જ જોઈએ. વડાપ્રધાન અને ગૃહમંત્રી બેઉ ગુજરાતી છે, ત્યારે ગુજરાતને તો આ મુદ્દે ગર્વ જ થવો જોઈએ કે જે ભૂલ પંડિત નહેરુ અને સરદાર પટેલ જેવા મહાપુરુષોએ કરી હતી તે નરેન્દ્રભાઈ અને અમિતભાઈએ સુધારીને રંગ રાખ્યો છે.

# લાગણી-બુદ્ધિનો સમન્વયથી અજવાળા રેલાય

**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'ભૈયા, કયા બતાઉં આપકો, હોતા યે હૈ ના કિ પચાસ કે બાદ આદમી કુછ જયાદા હી રોમેન્ટીક હો જાતા હૈ !!! તો એક દિન મેરે પતિને મુજસે ઐસે હી મૂડ મેં કહે દિયા...'

બોલો તુમ્હેં મેં કૈસે રાજી કરું ? તો મૈંને કહા સચ્ચી કરોગે.... બોલે હા હા... તુમ્હારે લીયે સચ્ચા પ્યાર હૈ તો સચ્ચી હી કરુંગાં !!

ઔર મૈંને દો બ્લેન્ક પેપર ઔર પેન રખી, કહા ઈસપે સાઈન કર દો, તો ઉન્હોં ને કહા... મગર બ્લેન્ક પેપર પે ફિર આપ ન જાને કયા લીખ દોગી ?

તો મૈંને કહા, અગર ભરોસા હૈ તો સાઈન કરો... ઔર મૈંને કહા ઈસપે જો લીખુંગી આપકે ઔર મેરે અચ્છે કે લીયે હી હોગા... ઉન્હોં ને સાઈન કર દી... ઔર મૈંને વો દો કાગઝ ભગવાન કે મંદિરમેં રખ દીયે... શોભા બહેન હસતા હસતા કહ્યું.

આખીયે ઘટનાના હાર્દ સુધી જવા માટે આપણે જઈએ બીકાનેર. રાજસ્થાનનું ઐતિહાસિક અને પુરાતન શહેર બીકાનેર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

બીકાનેરમાં શોભાબહેન એમના પતિ સાથે રહે... એમના પતિ રાજસ્થાન સરકારમાં વર્ષોથી નોકરી કરે... સામાન્ય રીતે સરકારી કર્મચારીના જીવનની જે લાઈફ સ્ટાઈલ હોય એવી જ આ પરિવારની પણ લાઈફ સ્ટાઈલ... પરિવારના સંતાનો ખુબ સારું ભણ્યા - ભણ્યા પછી લગ્ન કર્યા અને બધાના દાંપત્યજીવન સુખી અને સમૃદ્ધ...

સમય વીતતો ચાલ્યો... એમના પતિને નોકરીમાંથી રીટાયર થવાને ૪-૫ વર્ષ બાકી હતા એવા સમયે એક દિવસ સાંજે ઘરે આવીને એમણે એક પત્રની નકલ આપી... એ પત્ર એમણે ઑફીસમાં મુકેલા સ્વૈચ્છિક રાજીનામાનો હતો... કારણ પૂછ્યું તો કહે હવે નથી કરવી નોકરી, કંટાળો આવે છે... પાછું ખેંચીશ જ નહિ.... એમના પત્નીએ સમજાવ્યા પણ માન્યા નહીં... સરકારી નિયમ અનુસાર એમણે ઓફિસમાં નિયત સમય પહેલા મુક્યું હતું રાજીનામું.

શોભાબહેનને ખબર હતી કે મૂડમાં આવીને એમણે સ્વૈચ્છિક રાજીનામું મૂકી દીધું છે... નોકરી પુરી કરે તો સારું... તેઓ કાંઈ બોલ્યા નહિં... સમય પસાર થવા દીધો... આખરે જયારે છેલ્લા દિવસો બાકી હતા એ દિવસોમાં લેખના આરંભે લખેલી આખીયે ઘટના બની... એ કોરા પેપર પર રાજીનામું પાછું ખેંચવાની વિનંતી લખીને એ બહેન પહોંચી ગયા એમના પતિની ઑફિસે... એમના સાહેબને સમજાવ્યા... હું તમને આ પત્ર પણ આપું છું ને વિનંતી પણ કરું છું વ્યક્તિગત રીતે, તેમનું રાજીનામું તેઓ જરૂર પાછું ખેંચશે... આખરે તેમના પતિ સુધી વાત પહોંચી... પત્નીના વિશ્વાસનો વિજય થયો... પતિદેવ ફરીથઈ નોકરીમાં જોડાઈ ગયા અને બાકીના વર્ષો એમણે પૂર્ણ ક્ષમતાથી નોકરી પુરી કરી.

લોકોએ એક મહિલામાં રહેલી સાચી દિશામાં હિંમત અને પતિને વિશ્વાસમાં લેવાની સ્ટાઈલ માટે તેમને એમનો સરસ વિદાય થઈ ત્યારે એમનો સરસ વિદાય સમારંભ પણ યોજાયો.

એ પછીના સમયગાળામાં બંને ખૂબ આનંદથી ભારતના તીર્થસ્થાનો જેમ કે ચારધામ, દ્વાદશ જયોતિર્લિંગ, વૈષ્ણવી તીર્થધામો ફરતા રહે છે, ઈશ્વરની પોતાના પર અસીમ કૃપા છે એવું માને છે ને આનંદથી જીવે છે.

લાગણી અને બુદ્ધિ બંનેના સમન્વય સાથે જયારે એક નિર્ણય લેવાય છે ત્યારે તે વ્યક્તિગત અને પારિવારિક રીતે બહુધા ઉપયોગી થાય છે એ વાતનો પડઘો આવી ઘટનાઓમાં પડતો હોય છે ને ત્યારે સ્ત્રી શક્તિમાં સમાયેલી કોઠાસુઝ, પતિ પ્રત્યેનો પ્રેમ અને સમજદારીના અજવાળા રેલાય છે.

# ॥ મિત્રસ્ય અહં ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે ॥

**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

મૈત્રી. દોસ્તી. આ બંને શબ્દો પછી જાણી જોઈને પૂર્ણવિરામ મૂક્યું છે, કારણ કે આ બંને શબ્દો સ્વયં પોતાના સંદર્ભમાં આખેઆખા નિબંધ છે, પુસ્તકો છે. મહાકાવ્યો છે, મહાનવલ છે. બસ મિત્રતા કહી દો, મિત્ર કહી દો અને એ શબ્દ જયારે મહાનવલ બની જાય તે જ વ્યક્તિની સાચી મિરાત છે. મિત્રતાની ભાષા એ શબ્દો નથી પરંતુ અર્થ છે.

મિત્રતાની મિત્રો ઘણી વાતો આ બે-ત્રણ દિવસમાં સોશ્યલ મીડિયા પર આપણને જ્ઞાન આપી ગઈ છે, અને આપણા દરેક વોટ્સએપ કોન્ટેક્ટ નંબર વ્યક્તિ મટીને દાર્શનિક બની જઈને, દોસ્તીના અવતરણ ફોરવર્ડ કરી રહી હશે...

માટે આજે વાત મિત્રતાની જ કરવી છે, મિત્રની જ કરવી છે... પણ જરા અલગ દૃષ્ટિકોણથી. મૈત્રી કોની સાથે થાય ! વ્યક્તિની વ્યક્તિ સાથે પછી તે પુરુષ હોય કે સ્ત્રી... પરંતુ 'મિત્રતા' શબ્દ આવે એટલે આપણા મનમાં એક મનુષ્ય આકાર જ આકારિત થાય છે.

કોઈ દિવસ આપણને એવું સાંભળવા મળ્યું કે... 'ઘ-૬ સર્કલથી પંચદેવ મંદિર જતા ગુરુકુળ શાળાના રસ્તે આવતું ગરમાળાનું એક વૃક્ષ મારું ખાસ દોસ્ત છે... હું બચપણથી સ્કૂલે જતાં-જતાં તે ગરમાળાનું વૃક્ષ જયારે નાનકડો છોડ હતું અને હું નાનો બાળ હતો, ત્યારથી અમે નિરંતર મળતા રહ્યા છીએ.... અમે ગાઢ મિત્રો છીએ... વરસાદમાં કયારેક તેની નમી ગયેલી ડાળીઓનું મહાનગર પાલિકા દ્વારા ટ્રીમીંગ કરવામાં આવે ત્યારે મને મારા શરીર પર ઉઝરડા પડતા હોય તેવું અનુભવાય છે...' - આવો અનુભવ કયારેય તમે સાંભળ્યો છે ? જરા અજૂગતો બનાવ છે ને!

કે પછી કયારેય એવું કોઈએ કહ્યું કે, મારા મામાના ઘરે જયારે જયારે વેકેશનમાં હું જઉં ત્યારે ત્યારે તે વેકેશનનો અમારા મિત્રોનો સાથીદાર પેલો ડુંગરો અમારો ખાસ દોસ્ત છે. કોણ જાણે કેટલાય વેકેશન મેં તે ડુંગરાઓ સાથે વિતાવ્યા છે...

જયારે એક વેકેશનમાં હું ત્યાં ગયો અને જોયું તો ત્યાં એક ત્રણ માળિયા ફ્લેટ બની ગયા હતાં, જયાં મારું અને મારા મિત્ર ડુંગરાનું બચપણ વિત્યું હતું, તે હવે નહોતો રહ્યો. સાચ્ચે મને તે દિવસે જમવાનું નહોતું ભાવ્યું.

મારા બાળપણનું સાથી તો મારા સેકટરનું નાનકડું તળાવ કે જેના કિનારે હું અને મારો મિત્ર ૨૫ પૈસાની 'પાનપસંદ' ખાતા ખાતા દુનિયાભરની વાતો કરતા અને એ તળાવમાં કાંકરા મારતા મારતા કોની ટપ્પી પાણી પર વધુ પડે છે, તેની શરત લગાવતા.

મારો દોસ્ત તો અમારા ઘરની પાછળનો બાવળના કાંટાળા વૃક્ષો વચ્ચેનો રેલવે ટ્રેક છે, કે જયાં બેસીને તેના પાટા પર ચાલવાના પ્રયત્ન કરીને છેક રેલવે સ્ટેશન સુધી પહોંચી જતા. તેની આસપાસના 'કપચી'કાળા મોટા પથ્થર એકબીજા સાથે ભટકાડીને અને પાટા પર રૂપિયાનો સિક્કો મૂકીને ટ્રેન પસાર થવાની રાહ જોતા.

મારું દોસ્ત તો મારા દાદાના ઘરની પાછળ પાણીની ટાંકીની બાજુમાં આવેલું કરંજનું ઝાડ છે. જેની પર કેટલીય બપોરની બપોર બેસીને અમે અંતાક્ષરી રમતા. થપ્પો રમતી વખતે સંતાવાની કે આઈસપાઈસ રમતી વખતે શર્ટ બદલી લઈને 'માટલી ચીરાણી' નો દાવ અજમાવવાનો અડ્ડો હતું એ કરંજનું ઝાડ.

મારો બેસ્ટ ફ્રેન્ડ તો સરીતા ઉદ્યાનની પાછળ કોતરોમાં ઈન્દ્રોડા ગામની સીમમાં આવેલો પેલો જર્જરિત કિલ્લો હતો... કે જેના કાંગરા પર બેસીને અમે દોસ્તો સાબરમતીના વિશાળ પટને નિહાળતા... (યાદ રાખજો આ પરાક્રમ કર્યાનો સમયગાળો ૧૯૯૦-૯૫ની આસપાસનો છે અને ત્યારે અમને મિત્રોને જરાય ખબર નહોતી કે આ કોતરોની આડશની પાછળ છુપાઈને ફરહાન અખ્તર તેની ફિલ્મ 'દિલ ચાહતા હૈ' નો એક સીન વિચારી લેશે અને ૨૦૦૧માં આવનારી ફિલ્મ ગોવાના એવા જ કિલ્લાના કાંગરાઓ પર આમિરખાન, અક્ષય ખન્ના અને સૈફઅલી ખાનને ઊભા રાખીને સંવાદ બોલાવશે.)

તમને થતું હશે કે શું છે આજે આવી એબ્સર્ડ વાતે કેમ ચડી ગયો છું. પરંતુ આવો વિચાર આજે મને આવ્યો કારણ કે, હે ડુંગરાઓ, તળાવ, ગરમાળાનું ઝાડ કે પછી કિલ્લાના કાંગરાઓ, હું મારા પુત્ર અને પુત્રીને મારી વસિયતમાં આવી જ મિત્રતાની વિરાસત આપવા માંગુ છું, જેમાં એ ભવિષ્યનો નાગરિક, મારો પુત્ર કે પુત્રી, આવનારી પેઢી નદી, પર્વત, ઝાડ, પથરાં, રેતી, તળાવ આ બધાને કોઈ જડ પદાર્થ નહીં, ચેતન તત્ત્વો સમજે, પોતાના દોસ્ત જ માને.

મારી ગરમાળા જોડેની મિત્રતા હતી તેવી જ મિત્રતા હું મારા સંતાનની કરાવી દેવા માંગુ છું, આવનારી પેઢીને આપણે સમજાવવું પડશે કે, પ્રકૃતિ સાથે મિત્રવત્, આત્મવત્ ભાવ રાખીને જીવનયાપન કરવાથી જ સર્વોન્નતિ છે.

આપણે મિત્રતાની વ્યાખ્યાને આટલી સીમિત કેમ કરી દીધી હશે ! કે મિત્રતા થાય તો માત્ર મનુષ્યની મનુષ્ય જોડે જ થાય... વાસ્તવમાં પ્રકૃતિના દરેક તત્ત્વોને ભાઈબંધ બનાવવાની આવશ્યતા છે.

'હાથી મેરે સાથી' અને 'તેરી મહેરબાનીયાં' ફિલ્મોથી હાથી અને શ્વાનની મૈત્રીની વાતો બોલિવુડ દ્વારા કરવામાં આવી છે, ઉત્તમ રીતે રજૂ કરાઈ છે. પ્રાણી માત્ર પ્રત્યે બંધુભાવ રાખવાનો દૃષ્ટિકોણ રાખવો જ પડશે...

પ્રકૃતિના મિત્ર બનીશું તો તેને ઉપભોગ કરવાની દુર્ભાવનાનો આપોઆપ ક્ષય થતો જશે. સંવેદના અને આત્મીયતાનો ભાવ વૃક્ષો, પર્વતો અને નદીઓ સાથે આપણે જોડવો જ રહ્યો.

પ્રકૃતિને આપણી મિત્રતા બનાવવાની વાત તો આપણી સંસ્કૃતિમાં વેદોમાં કહેવાઈ ગઈ છે. ॥ સર્વા : આશાઃ મમ મિત્રમ્ ભવન્તુ ॥' બધી જ દિશાઓ મારી મિત્ર બની રહો...

**મિત્રસ્ય અહં ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે ।**
**મિત્રસ્ય ચક્ષુષા સમીક્ષામહે ॥**

**- યજુર્વેદ ૩૬/૧૮**

હું મંત્રદૃષ્ટા ઋષિ સંસારના સમસ્ત પ્રાણીઓને મિત્રતાની દૃષ્ટિથી જોઉં છું અને અમે સૌ માનવો મિત્રની દૃષ્ટિથી જોઈએ છીએ.

સ્વ. કિશોર કુમારનો આજે (૪થી ઓગસ્ટ) જન્મદિવસ પણ છે. તેમની માટે એવું કહેવાતું કે તેઓ તેમના બગીચાના ફુલછોડ સાથે વાતો કરતા, અને એવું માનતા કે મનુષ્ય કરતા તો ફુલછોડ આપણને વધુ વફાદાર હોય છે.

આપણે ત્યાં ફ્રેન્ડશીપ બેલ્ટ એક છોડને બાંધીને, તેની સાથે મિત્રતા કેળવવાનું કયારે શીખવાશે ? ફ્રેન્ડશીપ મેસેજ માત્ર મોબાઈલમાં ફોરવર્ડ ન કરતા ખળખળ વહેતા ઝરણાના કલશોરની ભાષા સમજીને તેને પ્રત્યુત્તર પાઠવવાના પાઠ આપણે સંતાનોને કયારે શીખવશું? આશા રાખીએ કે આવતા વર્ષે આપણા વર્તમાનપત્રોની હેડલાઈન હોય કે નગરજનોએ વૃક્ષને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને, ગાય સાથે સેલ્ફી લઈને ફેસબુક પર અપડેટ મૂક્યું કે 'My Friend Forever.'


jayuoza@gmail.com
Mo.9898046488

# મનમાંથી પદનો કાંટો અને કદનો કાંટો નીકળે તો પ્રસન્નતા મળે

**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

મહુવા પાસે તલગાજરડા નામે એક નાનું એવું ગામ. ત્યાંના એક પરિવારની વાત છે. વર્ષો પહેલાના જમાનામાં ગેસ તો હતા નહીં, જંગલમાંથી સુકા લાકડા વીણી ગૃહિણીઓ એમનું રોજીંદુ કામ ચલાવતી. માતા સાથે નાનકડા મોરારિદાસ જંગલમાં લાકડા વીણવા રોજ જાય. માતા મગની એક શીંગ દીકરાને આપી દે. એને એ ચાવતા ચાવતા માતાની પાછળ પાછળ આ બાળક ચાલતો જાય. એક દિવસની વાત છે. બાળકને પગમાં કાંટો વાગ્યો. માતાને ખબર પડશે તો નાહક ચિંતા કરશે એમ વિચારી બાળકે માતાને કીધું જ નહીં. ચાલ પણ બને તેટલી નોર્મલ રાખવાની કોશિષ કરી.



માતા અને બાળક ઘરે આવ્યા. પરસાળમાં બેઠેલા દાદા બાળકની ચાલ ઉપરથી પામી ગયા કે પૌત્રના પગમાં કોઈ તકલીફ છે. એમણે પૂછ્યુ. 'બેટા પગમાં શું થયું ?' દાદા આગળ ખોટું કેમ બોલાય ? બાળકે કહ્યું કાંટો વાગ્યો છે. દાદાએ પગ જોયો. કાંટો વાગ્યા પછી વધારે ચાલવાથી કાંટો બટકીને પગમાં ઉંડે સુધી અંદર સરકી ગયો હતો. ઘરના બધા કહે ગામના માધાભાઈ બાબરને બોલાવી કાંટો કઢાવીએ. દાદાએ કહ્યું, 'કોઈ માધાની જરૂર નથી. સોંય લાવો હું જ કાંટો કાઢી નાખું.' દાદાએ પૌત્રના પગમાંથી કાંટો કાઢી નાખ્યો. આ પૌત્ર એટલે મોરારિદાસ. જેમને આજે સમસ્ત વિશ્વ મોરારિબાપુના નામથી ઓળખે છે. આ એજ મોરારિદાસ કે જે આજે દુનિયાભરના લોકોના હૃદયમાં વાગેલા કાંટા હસતા મોએ સિફતથી ખેંચી કાઢે છે. સપ્ટેમ્બર ૨૫, ૧૯૪૬માં તલગાજરડામાં પિતા પ્રભુદાસ અને દાદા ત્રિભુવનદાસના વૈષ્ણવ પરિવારમાં જન્મેલા મોરારીબાપુ તાજેતરમાં ગાંધીનગરમાં એક મનનીય પ્રવચન આપવા આવ્યા હતા. મોરારી બાપુની વાણી અને વિચારો વિષે ખુબ લખાય અને સંભળાય છે. પરંતુ આજે બાપુના પ્રસન્નતા વિષેના પ્રવચનના અંશોની સાથે બાપુના જીવન વિષે પણ થોડી વાત કરવી છે. એટલે જ લેખની શરૂઆતમા બાળપણનો એક કિસ્સો મુકી વાતનો આરંભ કર્યો.

તલગાજરડાથી મહુવા પગપાળા અભ્યાસ માટે જતી વખતે દાદા ત્રિભુવનદાસજીએ આપેલી રામાયણની ચોપાઈઓ બાળ મોરારિદાસ ગાતા જાય અને એને કંઠસ્થ કરતા જાય. બાળપણથી જ એમને અભ્યાસ કરતા રામકથામાં વિશેષ રૂચિ રહેતી. અભ્યાસ બાદ મહુવાની જ પ્રાથમિક શાળામાં તેઓ શિક્ષક બન્યા. સને ૧૯૬૦માં ૧૪ વર્ષની વયે બાપુએ ચૈત્ર મહિનામાં એક મહિનાની પહેલી રામકથા કરી. ત્યાર બાદ વિદેશની ધરતી ઉપર પહેલીવાર વર્ષ ૧૯૭૬માં નૈરોબીમાં એમણે રામકથા એમણે કરી. ગુજરાતી મોશન ટુડેના અહેવાલો અનુસાર એમણે અત્યાર સુધીમાં ૮૫૦થી વધુ રામકથાઓ કરી છે.

શરૂઆતના સમયમાં પારિવારિક નિર્વહન માટે કથામાં આવતી દાનદક્ષિણાનો સ્વીકાર તેઓ કરતા. વર્ષ ૧૯૭૭થી એમણે કથામાં આવતી દાન-દક્ષિણા ન લેવાનો નિર્ણય કર્યો. જે આજ પર્યંત બરકરાર છે. બાપુના ખભે રહેલી કાળી કામળીના સંદર્ભમાં ઘણી ધારણાઓ અને માન્યતાઓ છે. કોઈ કહે છે કે, સ્વયં હનુમાનજીએ બાપુને આ કાળી શાલ આપી છે. તો વળી કોઈ કહે છે, જુનાગઢના કોઈ સિદ્ધહસ્ત સંતે તેમને એ આપી છે. જો કે બાપુ કહે છે કે, એમને બાળપણથી કાળો રંગ ખૂબ પ્રિય છે. એમને ગમે છે એટલે એ આ કાળી શાલ ખભે રાખે છે. મોરારિબાપુ તળથી જોડાયેલું અનોખું વ્યક્તિત્વ છે. એકવાર અચાનક તણસાવાળી મહુવાની બસમાં એ બેસી ગયા. ડ્રાયવર અજયસિંહ અને બસના પેસેન્જરોનો તો સાનંદાશ્ચર્યનો પાર ન રહ્યો. ભાવનગરના ભગલી ગેટ સુધી બાપુએ બસમાં સફર કરી, આનંદ કર્યો અને પેસેન્જરોને મોજ કરાવી.

સાહિત્ય, સંગીત અને સંસ્કારીતાની ત્રિવેણી બાપુની વાણીમાં અસ્ખલિત વહેતી હોય છે. કથાના નવતર પ્રયોગોથી બાપુ હમેશા લોકહૃદયમાં વધુ ઊંડે સુધી બિરાજતા રહે છે. વર્ષ ૨૦૧૬માં એમણે 'માનસ-કિન્નર' રામકથાનો પ્રયોગ કર્યો. એ કથાના પ્રારંભમાં એમણે કહ્યું કે, 'જે સમાજની આપણે ઉપેક્ષા કરી છે, જેને આપણે અપમાનિત કર્યા છે એનું પ્રાયશ્ચિત કરવાની આ નવ દિવસની કથા છે.' એક જણે પ્રશ્ન પણ પૂછ્યો કે, 'બાપુ, આપ કિન્નર પર શા માટે બોલો છો ?' ત્યારે બાપુએ હૃદય સોંસરવો ઊતરી જાય એવો જવાબ આપ્યો કે, ' એમના વિશે મારો બાપ બોલ્યો છે, મારા દાદા બોલ્યા છે, દાદાઓના દાદા શંકર દાદા બોલ્યા છે, કિન્નરો ઉપર હું ન બોલ્યો હોત તો મારી કથાની યાત્રા થોડી અધૂરી રહી જાત.'

એકાદ પખવાડિયા પહેલાં ગાંધીનગરમાં મોરારિબાપુ રામ કથા વગર આવ્યાં. અંતરમનના વીણાના તાર રણઝણાવવા, જીવનને સુખ અને શાંતિની ક્ષણો શોધીને આપવા 'પ્રસન્નતા જ જીવન' વિષય ઉપર એમણે હદય સોંસરવી ઉતરી જાય એવી વાત કરી. બાપુના એકે એક વાક્યો અદભુત 'વન લાઈનર' જેવા હતાં. જીવનની પ્રસન્નતાના સોનેરી વાક્યો સ્વરૂપે એમની વાણીમાંથી ચૂંટેલો અર્ક પ્રસ્તુત છે.

- પ્રમાણિકતા વગર પવિત્રતા ન આવી શકે.
- પવિત્રતાનો અભાવ પ્રસન્નતા ન આપી શકે.
- મનની પ્રસન્નતા બહુ ટકાઉ નથી હોતી.
- અહંકાર ક્યારેય પ્રસન્ન નથી રહેવા દેતો.
- જેની પાસે બહુ બુદ્ધિ છે એ પ્રસન્ન નથી રહી શકતો.
- પ્રસન્ન થવા ચિત્તપ્રધાન થવું પડે.
- આપણે બુદ્ધિપ્રધાન છીએ, અહંકારપ્રધાન છીએ પણ ચિત્તપ્રધાન નથી.
- મનમાંથી પદનો કાંટો અને કદનો કાંટો નીકળે તો પ્રસન્નતા મળે.
- ચિત્તવૃત્તિ સ્થિર રહે તો પ્રસન્નતા અખંડ રહે.
- મનની બારીમાં 'એકઝોસ ફેન' સીધી દિશામાં લાગેલો હોવો જોઈએ.
- જે કાળમાં છીએ એ કાળ સુખ-પ્રસન્નતા ન આપે તો સતયુગમાં પણ સુખ ન જ મળે.
- બ્રહ્મચર્ય બાળક જેવું હોવું જોઈએ ચાર વર્ષના બાળકને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા નથી લેવી પડતી.
- કારણથી ગમે એ ગમવું ન કહેવાય.
- શ્રદ્ધાના ખોળામાં હંમેશા પ્રસન્નતા રમતી હોય છે.
- શિખર ઉપર પહોંચનારને પોતાના નામનો પણ ભાર લાગતો હોય છે.
- ગ્રહ, ઉપગ્રહ, પૂર્વાગ્રહને ગ્રહણ નડે પણ અનુગ્રહ હોય એને કોઈ ગ્રહણ ન નડે.

પ્રશ્નો, પળોજણ અને પરેશાનીગ્રસ્ત જીવનમાં પ્રસન્નતાના પુષ્પો કેમ વેરવા એ જ જીવનનું સાચુ મહાત્મ્ય છે. જીવનમાં સત, ચિત્ત અને આનંદનો સમન્વય થાય ત્યારે પ્રસન્નતાનું આકાશ ઉઘડતું હોય છે. એમાં પાંખો ફેલાવી વિહરવાના આનંદ અવર્ણનીય હોય છે. 'અર્ક' વ્યાખ્યાનમાળાના વધુ એક મણકામાં મોરારિબાપુએ સહજતાથી જીવનના મર્મને સ્પષ્ટ કરી ગાંધીનગરના પ્રબુદ્ધોને અર્થસભર મોજ કરાવી દીધી.

**ધબકાર :**
**'જે અંદરથી પ્રસન્ન ન હોય એ બીજાને ક્યારેય પ્રસન્ન ન કરી શકે'**
**- મોરારિબાપુ**